# મનપાને ભ્રષ્ટાચારમુક્ત કરવા યુવા કોંગ્રેસે રામધૂન બોલાવી

## કૌભાંડોની યાદીનું આવેદન તૈયાર કરી કોર્પોરેશન બહાર સૂત્રોચ્ચાર કરતાં ૫૦ કાર્યકરોને પોલીસે ડીટેઈન કરી લીધા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયુ હોવાના આક્ષેપ સાથે ગાંધીનગર શહેર/જિલ્લા યુવક કોંગ્રેસ સમિતિ દ્વારા આજે મનપા કચેરી બહાર રામધૂન બોલાવીને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસે કચેરી બહારથી વિરોધ પ્રદર્શન કરતાં ૫૦ જેટલા કોંગી કાર્યકરો આગેવાનોની અટકાયત કરી લીધી હતી. અટકાયતીઓને સમી સાંજે પોલીસે મુક્ત કરી દીધા હતા.

મળતી માહિતી મુજબ આજે મહાનગરપાલિકાના કથિત ભ્રષ્ટાચાર અને કૌભાંડોના આક્ષેપ સાથે ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસ સમિતિના કાર્યકરો મેયરને આવેદનપત્ર પાઠવવા તથા વિરોધ પ્રદર્શન કરવા જવાના હતા. જો કે મેયર આ સમયગાળા દરમ્યાન ઓફિસ પહોંચ્યા નહી..! શહેર યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભાવેશ દેસાઈ, ઉપપ્રમુખ જીતુ રાયકા, મંત્રી સજઆદ સૈયદ, મનપા વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટર અંકિત બારોટ, ચિમનભાઈ વિંઝુડા સહિતના જિલ્લા-શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો કાર્યકરો મનપા કચેરીએ વિરોધ પ્રદર્શન કરવા બપોરના અરસામાં પહોંચ્યા હતા. મેયરને સંબોધીને આવેદનપત્ર તૈયાર કરાયુ હતુ પરંતુ મેયર ગેરહાજર હોવાથી કાર્યકરો આગેવાનો મનપા કમિશનર ઓફિસ બહાર પહોંચી ગયા હતા અને કમિશનરને બહાર આવીને આવેદન પત્ર સ્વિકારવાનું કહીને તેમના વિરૂદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. મનપા કમિશનરે કહ્યુ કે તમે સૌ ચેમ્બરમાં આવો હું તમારી રજૂઆતો સાંભળવા તૈયાર છુ. જો કે આવેદન સ્વિકારવા કમિશનર બહાર આવે તેવા આગ્રહને પગલે મામલો ગરમાયો હતો. નોટબંધી વખતે પાવરલાઈન એજન્સીએ જુની નોટોથી ૨ કરોડનો પગાર કર્મચારીઓને ચુકવી બ્લેકના વ્હાઈટ કરી દીધા હોવાના આક્ષેપ ઉપરાંત મનપાના વિશ્વાસ ભ્રષ્ટાચાર તથા કૌભાંડોના આક્ષેપની યાદીવાળુ તૈયાર કરેલુ આવેદનપત્ર સ્વિકારવાના મામલે સમગ્ર મામલો ઉગ્ર બન્યા બાદ કોંગી આગેવાનો કાર્યકરોએ કચેરી બહાર જ સૂત્રોચ્ચાર તથા રામધૂન શરૂ કરી દીધી હતી. સ્થળ પર આવી પહોંચેલી પોલીસે ૫૦ જેટલા કાર્યકરો આગેવાનોની અટકાયત કરી લીધા બાદ આખરે તમામને મુક્ત કર્યા હતા. ભ્રષ્ટાચાર તથા કૌભાંડોના જે આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે તે મામલે તટસ્થ તપાસ થાય અને ભ્રષ્ટાચારના મુળ સુધી જઈ જવાબદારો સામે પગલા લેવાય તેવી માંગ યુવક કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.







# અંતે સાઈના રિજિયોનલ ડાયરેક્ટરની બદલી

## રિજિયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુની દિલ્હી હેડક્વાર્ટર ખાતે બદલી : તેમના સ્થળે રાધિકા શ્રીમન ચાર્જ સંભાળશે : કથિત ટ્રેકશુટ કૌભાંડમાં સંડોવણીના પગલે બદલી થઈ હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતેની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજિયોનલ ડાયરેક્ટર રૂપકુમાર નાયડુની બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને સાઈના દિલ્હી હેડકવાર્ટરમાં પર્સનલ એન્ડ ઈકિવપમેન્ટ સપોર્ટ ડિવિઝન સંભાળતા રાધિકા શ્રીમન હવે નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરનો ચાર્જ સંભાળશે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ખાતેના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુની બદલી કરી તેમને નવી દિલ્હીના સાંઈ હેડકવાર્ટર ખાતેના કોઓર્ડિનેશન ડિવિઝનમાં મુકવામાં આવ્યા છે. આર.કે. નાયડુએ તેમના ગાંધીનગર ખાતેના કાર્યકાળ દરમિયાન ઘણા સુધારાત્મક પગલા લીધા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન સાઈ ગાંધીનગરને પેરાલ્મિપિક ખેલાડી માટેનું ખાસ તાલીમ કેન્દ્ર તરીકે વિકસાવવા કેન્દ્ર સરકારે નિર્ણય લઈ તેનું કામકાજ શરુ કરેલ છે. વળી આર.કે. નાયડુના કાર્યકાળ દરમિયાન સાઈના તાલીમાર્થી ખેલાડીઓએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ઠ પ્રદર્શન પણ કર્યું છે. તથા અહીં કબડ્ડી, હેન્ડબોલ જેવી રમતોમાં નોંધપાત્ર પ્રગતિ મેળવી છે. જો કે આ સાથે આર.કે. નાયડુની તાજેતરમાં જ ટ્રેકશુટ કૌભાંડ ચર્ચાસ્પદ બન્યું હતું અને ગાંધીનગર કેન્દ્ર ખાતે વિજિલન્સની તપાસ પણ ચાલી હતી. એવી ચર્ચા ચાલે છે કે તેમની બદલી ટ્રેકશુટ કૌભાંડમાં સંડોવણીની સજાના ભાગરૂપે કરાઈ હોય. હવે આગામી સમયમાં રાધિકા શ્રીમન સાઈ ગાંધીનગરને આ પ્રકારના લાંછનોથી દૂર રાખી ખેલાડીઓની પ્રતિભાને વિકસાવવા સાથે પુરતી સગવડો પ્રદાન કરી કેન્દ્રના વહિવટમાં પારદર્શિતા લાવી શકે છે કે કેમ તે જોવું રહ્યું.

### હવે સાઈના પ્રશિક્ષકો પર તવાઈ આવશે??

સાઈના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુની બદલીના પ્રતાપે હવે કોચીઝમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. સાઈમાં વિવિધ રમતોમાં અનેક પ્રશિક્ષકો સેવાઓ આપી રહ્યા છે તેમાંથી કેટલાકની કથિત કૌભાંડમાં સંડોવણી હોવાની વાતો ચર્ચાઈ રહી છે. જેના પગલે તેમની પર પણ તવાઈ આવી શકે છે. આ ઉપરાંત કેટલાક પ્રશિક્ષકો પર તેમના તાલીમાર્થી ખેલાડીઓનું યેનકેન પ્રકારે શોષણ કરતા હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે જેથી શકય છે કે આવનારા સમયમાં કોચીઝની પણ બદલીઓ થઈ શકે છે.

# નિરાધાર દિકરીઓના લગ્નપ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની મહિલાઓનો કરિયાવર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટની મહિલાઓ દ્વારા જરૂરિયાતમંદ વર્ગની ચાર દિકરીઓનો કરિયાવર કરી અનોખી સેવા ભાવનાનું ઉદાહરણ પુરું પાડયું છે. આ સેવા કાર્ય થકી તેમણે બેટી બચાવો અભિયાનને આગળ વધાવવા સાથે મહિલા સશકિતકરણને પણ બળ પુરું પાડયું છે.

દિકરીના લગ્ન એટલે મા-બાપ માટે જીવનનો સૌથી અમૂલ્ય પ્રસંગ. દિકરીના મા-બાપ હોંશે હોંશે કરિયાવર માટે તૈયારીઓ કરે છે. જો કે દિકરીના મા-બાપ શ્રમજીવી હોય, રોજે રોજ મજુરી કરી જે મળે તેમાંથી ઘર ચલાવતા હોય, ત્યારે દિકરીના હાથ પીળા કરવા કરિયાવરની વ્યવસ્થા શી કરવી તે તેમના માટે અત્યંત મુંઝવણનો પ્રશ્ન બની રહે છે. દિકરીનો બાપ આ મુંઝવણનો ઉકેલ ગમે તેમ કરીને શોધી કાઢે છે. પરંતુ જે દિકરીઓ નિરાધાર છે તેમના અરમાનોનું શું? ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં રહેતી ચાર નિરાધાર દિકરીઓની વ્હારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની મહિલાઓ આવી છે. બોરીજ ગામે રહેતી રીટા અન્નાજી વણઝારા, સે-૨૦ના છાપરામાં રહેતી ચેતના ભીખાભાઈ વાઘેલા, મુકિતધામ પાસેના છાપરામાં રહેતી કલ્પના આતાજી ઠાકોર તથા પ્રેસ સર્કલ નજીકના છાપરામાં રહેતી નયના સુરેશભાઈ વણકરના લગ્ન તા. ૧લી મે ગુજરાત સ્થાપના દિનના દિવસે યોજાવાના છે. આ ચારેય દિકરીઓને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની મહિલા પાંખ દ્વારા ૭ જોડ કપડાં, ચાંદીના મંગળસુત્ર, ચાંદીની અન્ય વસ્તુઓ, ઘડિયાળો, સ્ટીલના વાસણોનો સેટ તથા દુલ્હનના શણગારની સામગ્રીનો કરિયાવર પુરો પાડવામાં આવ્યો છે.

નિરાધાર દિકરીઓને કરિયાવર પુરો પાડવાના ઉમદા ઈશ્વરીય સદકાર્યમાં સૌરષ્ટ્ર કચ્છ સમાજ સેવાના મહિલા પાંખના સરિતાબેન ગોંડરિયા, કલ્પનાબેન ધોળુ, લીરલબા વાઘેલા, વૈશાલીબેન જોષી, સોનલબા રાણા, તારાબેન, ઈન્દુબેન પટેલ, પિનલબેન ધોળુ તથા સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ જોડાયા હતા. તમામ મહિલા અગ્રણીઓએ ચારેય દિકરીના ઘરે જઈ કરિયાવર અર્પણ કર્યો હતો.



## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... અત્યારે તો ઠીક છે... પણ જી.એસ.ટી. આવશે એટલે મોંઘવારી વધવાની છે... પછી પગાર વધારવો પડશે...!!

# ગુજરાત સ્થાપના દિને બોર્ડ-નિગમ-સરકારી સાહસોના કર્મચારી મહામંડળ દ્વારા ધરણાં કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકાર દ્વારા બોર્ડ, નિગમના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ ન આપતાં મહામંડળ દ્વારા રાજ્ય સરકાર સામે અલગ અલગ આંદોલનીક કાર્યક્રમો આપી ન્યાય મેળવવા પ્રયત્નો કર્યા છે. તેમ છતાં રાજ્ય સરકારના નકારાત્મક અને ભાગલાવાદી નિતીનો બોર્ડ, નિગમના કર્મચારીઓને ભોગ બનાવી ૭મા પગારપંચનો લાભ આપવામાં આવ્યો નથી. જેને પગલે કર્મચારીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. જેને પગલે મહામંડળ તરફથી તા. ૧૦-૪-૧૭ના રોજ મુખ્યમંત્રીને પુનઃ આવેદન પત્ર આપી કાર્યક્રમો જાહેર કર્યા છે. તેમાં તા. ૧-૫-૧૭ને સોમવારના રોજ સત્યાગ્રહ છાવણી, સે. ૬, ગાંધીનગર ખાતે અલગ અલગ મંડળના હોદ્દેદારો એક દિવસના ધરણાંનો કાર્યક્રમમાં હાજર રહેશે અને સરકારની ભાગલાવાદી નિતીનો વિરોધ કરશે. આ પ્રસંગે હજ્જારો કર્મચારીઓ હાજર રહેશે.

જ્યારે આગામી તા. ૧૩-૫-૧૭ના રોજ જંતરમંતર, દિલ્હી ખાતે ધરણાંનો કાર્યક્રમ નિર્ધારિત કરેલ છે. જેમાં પણ દિલ્હી ખાતે અલગ અલગ મંડળના હોદ્દેદારો ભાગ લેશે. તેમ મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું છે.

# સિવિલની સલામતી પુનઃ ઈલાઈટ એજન્સીના શીરે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આખરે અને અંતે સિકયુરીટી ગાર્ડના કોન્ટ્રાકટનું કોકડું ગુંચવાયુ હતું તે ઉકેલાઈ ગયું છે અને સિવિલ સંકુલની સલામતી ઈલાઈટ એજન્સીના હાથમાં સોપવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષથી ઈલાઈટ એજન્સીના ગાર્ડ સંકુલમાં સલામતીની જવાબદારી પુરી પાડી રહ્યા છે. જયારે છેલ્લા બે વર્ષથી તો એજન્સીને ત્રણ કે છ માસનું એકસટેન્શન આપવામાં આવતું હતું. થોડા સમય અગાઉ સિકયુરીટીના કોન્ટ્રાકટની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં અંદાજે ૭ જેટલી એજન્સીઓએ રસ દાખવ્યો હતો. જયારે ટેન્ડર પ્રક્રિયામાં ઈલાઈટ કંપનીનો ઓછો ભાવ ખુલતા સિવિલ સંકુલની સલામતીની જવાબદારી ઈલાઈટ એજન્સીના કર્મચારીઓના શીરે રહેશે.

ગાંધીનગર સિવિલ સંકુલની સુરક્ષા વ્યવસ્થા અંદાજીત પાંચ વર્ષથી ઈલાઈટ એજન્સીના સિકયુરીટી ગાર્ડ સંભાળી રહ્યા છે. હોસ્પિટલ તંત્ર દ્વારા છેલ્લા બે વર્ષથી ત્રણ કે છ માસના એકસટેન્શન આપવામાં આવતા હતા. અત્યારે હાલ ૯૦ થી વધુ ગાર્ડ સંકુલની સુરક્ષાની જવાબદારી સંભાળી રહ્યા છે. સિકયુરીટી કોન્ટ્રાકટના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ૭ જેટલી એજન્સીઓએ રસ દાખવ્યો હતો.ત્યારબાદ સ્ક્રુટીની બાદ અંદાજે ૩ ટેન્ડર બાકી રહ્યા હતા. જેમાં હોસ્પિટલ તંત્રના નિતી નિયમોને આધિન ટેન્ડર ખોલવામાં આવ્યા હતા. જેમાં ઈલાઈટ એજન્સીનું ટેન્ડર ઓછા ભાવનું ખુલતા તેને સંકુલની સુરક્ષાની જવાબદારી સોંપાઈ છે. સિવિલમાં ફરજ બજાવતા જવાનોના પગારમાં બમણો વધારો થાય તેવું લાગી રહ્યું છે. જેને પગલે સિકયુરીટીના કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. જયારે સંકુલમાં ૧૫ જેટલા વધુ જવાનોની ડિમાન્ડ છે પરંતુ હજુસુધી તેના પર તંત્ર દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જયારે આ વખતે તંત્ર દ્વારા કડક નિયમોની યાદી તૈયાર કરાઈ છે. ત્યારે નિયમોનું ઉલ્લંઘન ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવશે તો ટેન્ડર રદ થઈ શકે તેવી પણ જોગવાઈ કરાઈ છે.તેમ સિવિલના અંતરંગ સુત્રોની માહિતીમાં જાણવા મળ્યું છે.



# સે-૧૩ સ્થિત કુટિર ઉદ્યોગ ટ્રેનીંગ સેન્ટર ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સે-૧૩ સ્થિત કુટિર ઉદ્યોગ ટ્રેનીંગ સેન્ટર ખાતે અસંગઠિત કામદાર સામાજિક કલ્યાણ એકટ વિશે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અસંગઠિત કામદાર અને યુ.વિન કાર્ડ વિશે સમજુતિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ વૉલન્ટીયર જયરામભાઈ સોની,સીતારામભાઈ પટેલ,સંસ્થાના આચાર્યા, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે રાજ્યનો સ્થાપના દિન ઉજવાશે

## ૨૯મીએ ટ્રાફિક અવેરનેસ, ૩૦મીએ જિલ્લાની અદૂભૂત તસ્વીરોનું ફોટો પ્રદર્શન અને સાંજના પોલીસ બેન્ડ શૌ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના સ્થાપના દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવનાર છે. સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર ખાતે તા. ૨૯મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ નગરજનોમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક અવેરનેસ લાવવાના ઉમદા આશયથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ બે સ્થળે યોજવામાં આવશે. જેમાં સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન શાહપુર ચોકડી અને સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન ઘ-૩, પ્રથિકાશ્રમ સર્કલ ખાતે યોજવામાં આવશે. જેમાં ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની જાણકારી આપવામાં આવશે. તેમજ વાહન ચલાવતા કઈ કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવું તેની માહિતી આપશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ સાંજના ૭.૦૦ કલાકે પોલીસ બેન્ડ શૉ નું આયોજન સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪ સર્કલ પાસે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો લાભ લેવા ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે સૌ નગરજનોને જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

તે ઉપરાંત ગાંધીનગર ખાતે રાજયના સ્થાપના દિન નિમિત્તે તા. ૩૦મી એપ્રિલના રોજ ખાસ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ફોટોગ્રાફી પ્રદર્શન બલરામ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સવારના ૧૦.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ અને અદૂભૂત ફોટોગ્રાફી રજૂ કરવામાં આવશે. ફોટોગ્રાફી પ્રદર્શન નિહાળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરો ખાતે મહિલા આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન તા. ૨૯મી એપ્રિલ થી તા. ૧ મે, ૨૦૧૭ દરમ્યાન દરરોજ સવારના ૧૦.૦૦ કલાક થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો લાભ જિલ્લાની મહિલાઓને લેવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા દ્વિતીય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ ૭મીએ યોજાશે

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત દ્વિતીય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ ૭મી મેના રોજ આનંદીમાનો વડલો અને મા પાલઈ વિઘ્નેશ્વરી માણસામાં યોજાશે. જેમાં મુસ્લિમ સમાજ પણ સામેલ છે. સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવમાં સવાણી ગ્રુપ સુરતથી મહેશભાઈ સવાણી મુખ્ય દાતા છે. સમારંભના અધ્યક્ષપદે જીતુભાઈ વાઘાણી પ્રમુખ ભારતીય જનતાપાર્ટી ગુજરાત, ગણપતભાઈ વસાવા મંત્રી, વન, આદિજાતિ કલ્યાણ, સંસદ સભ્ય શ્રીમતી જયશ્રીબેન પટેલ, મહામંત્રી ભાજપ કે.સી. પટેલ, અતિથિ વિશેષપદે અમિતભાઈ ચૌધરી ધારાસભ્ય માણસા, ડી.ડી. પટેલ પ્રમુખ ૪૮ ગ્રામ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર, એન.ડી. ચૌધરી ઉપસ્થિત રહેશે.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.**
**(ગુજરાત સરકારનું સાહસ)**
**રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર ફીઝીબીલીટી કમ ડી.પી.આર.**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) પાત્રતા ધરાવતી રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય ઈજનેરી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ તરફથી શક્યતાદર્શી અહેવાલ સહ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ નીચેના કામો માટે તૈયાર કરવા માંટે મંગાવે છે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | રસ્તાની પહોળાઈ (કિ.મી.) | પ્રોજેક્ટની કોસ્ટ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ચિખલી-સાપુતારા હીલ (હીલ રોડ) | ૪૦ | ૫૦૦૦ |
| ૨. | માલવણ-દસાડા-સમી-રાધનપુર રોડ | ૧૪૪ | ૧૨૦૦૦ |

રસ ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ/જોઈન્ટ વેન્ચર આર.એફ.પી. ડોક્યુમેન્ટ www.gsrdc.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અળગ પ્રોજેક્ટ માટે અલગ ડોક્યુમેન્ટ મેળવવાનું રહેશે.
ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે વેબસાઈટ www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી છે.

**ઈ.ઓ.આઈ. માટે અનુસુચિ**

| | | |
|---|---|---|
| ૧ | ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ/સમય | તા. ૨/૫/૨૦૧૭ થી ૨૩/૫/૨૦૧૭ |
| ૨. | ડોક્યુમેન્ટની કિંમત | ઉપર મુજબ પ્રતિ એક ડૉક્યુમેન્ટ માટે ડી.ડી.ના સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે નોન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે. ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર. વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ. |
| ૩. | સબમીશન કરવાની પદ્ધતી | ઈ-ટેન્ડરીંગ : www.gsrdc.nprocure.com |
| ૪. | પ્રિ-એપ્લીકેશન મીટીંગ | ૧૧/૫/૨૦૧૭ |
| ૫ | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય | ૨૪/૫/૨૦૧૬ : ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | પ્રિ-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીક (ઓનલાઈન) | ૨૪/૫/૨૦૧૭ : ૧૭.૩૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજૂ કરવાની | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૫/૬/૨૦૧૭ થી ૧૦/૬/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે ૧૧.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. નિયત સમયથી પહેલા / પછી અન્ય કોઈપણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી., જી.એસ.આર.ડી.સી. ખાતે સ્વીકારવામાં આવશે નહીં, તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે. |

**જનરલ મેનેજર (પ્રો.)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**
**ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, ફેક્સ નં., Email : gsrdc@gmail.com**
માહિતી/૨૩૦/૧૭-૧૮